ગાંધીનગર સમાચાર

પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા ૭મીથી યોગાસન શિબિર

ગાંધીનગર, તા. ૫

સેક્ટર-૬માં કાર્યરત પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા આગામી તા. ૭મી જાન્યુઆરીથી નિઃશુલ્ક યોગાસન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં વ્યાયામ શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ જણાવ્યું છે કે તા. ૭મીથી ૧૬મી જાન્યુઆરી દરમિયાન સેક્ટર-૬ના જાહેર ઉદ્યાન ખાતે આ નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન આ શિબિર યોજવામાં આવશે. ભાગ લેનારાં નાગરિકોએ પોતાની શેતરંજી સાથે લાવવાની રહેશે એમ જણાવતાં તેમણે ઉમેર્યું છે કે શિબિર અંતર્ગત યોગાચાર્ય હસમુખભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોગ, પ્રાણાયામ, ધ્યાન શીખવવામાં આવશે. શિબિરાર્થીઓને પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે.

શેઠ સી એમ શાળામાં માર્ગ સુરક્ષા સેતુની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૫

શેઠ સી એમ શાળા ખાતે માર્ગ સુરક્ષા સેતુની ઉજવણી આરટીઓ અને શાળાના ઉપક્રમે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૭૬ વિદ્યાર્થીઓએ ટ્રાફિક સિગ્નલ, ઝીબ્રા ક્રોસિંગ, ટ્રાફિકના નિયમોની જાણકારી આપતાં ચિત્રો દોરી સૌને મંત્રમુગ્ધ કર્યાં હતાં. આ ચિત્રોની ગેલેરી ઊભી કરી અને સાથે ટ્રાફિકના નિયમોની જાગૃતિ આપતું એક પ્રદર્શન યોજ્યું હતું. આ પ્રસંગે કમલકિશોર જૈન, અરૂણ બુચ, ટ્રાફિક પોલીસના ઝાલાભાઈ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ સમિતિના સતીષ કડિયા, આરટીઓ ઈન્સપેક્ટર એસ જે મલેક અને રાજીવ દિક્ષીત ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત નિબંધ લેખન, સૂત્રસ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ગાયન સ્પર્ધામાં ૬૮૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ વિજેતા દેવયાની ચૌધરીએ પોતાના વક્તવ્યમાં હળવી ટકોર કરતાં જણાવ્યું હતું કે સ્ટૉપ એક્સિડેન્ટ બિફોર યે સ્ટૉપ અસ.

વિનાયક પંજવાણીએ જણાવ્યું હતું, 'બી ઓલવેઝ કૂલ વિથ અવર ટ્રાફિક રુલ.'

શાળાનાં આચાર્ય ડૉ. ચેતના બુચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહેમાનોના હસ્તે ગાયન સ્પર્ધાના પ્રથમ વિજેતા ચિંતન ચૌધરી, વક્તૃત્વ સ્પર્ધાના પ્રથમ વિજેતા પ્રિન્સ દંતાણી, નિબંધ લેખન સ્પર્ધાના પ્રથમ વિજેતા રૂદ્ર પટેલ, સૂત્ર સ્પર્ધાના પ્રથમ વિજેતા ક્રિષ્ના લખતરિયા અને ચિત્ર સ્પર્ધાના પ્રથમ વિજેતા જૈનિલ ઢોલરિયાને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બિપીનભાઈ પટેલ, મુકેશ પટેલ અને ડી એન પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન વંદના મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું.

મેથ્સ મંત્ર ક્વિઝ કોમ્પિટિશનમાં જે બી સ્કૂલ ઝળકી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પરિસર દ્વારા વર્લ્ડ મૅથ્સ ડે નિમિત્તે કૅમ્પસની શાળાઓમાં મૅથ્સની પરીક્ષા લેવામાં આવી હતી.

શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાઈમરી સ્કૂલમાંથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરનારા ધોરણ-૬,૭,૮ના વિદ્યાર્થીઓની ત્રણ ગૃપની ક્વિઝ કોમ્પિટિશન માટે પસંદગી કરવામાં આવી હતી.

આ ક્વિઝ કોમ્પિટિશનમાં ધોરણ-૬ના વિદ્યાર્થી જયરાજ એસ સુવાણ, કેતુલ એ પટેલ, હિતેશ એમ ચૌધરી અને ારીન એમ દેસાઈએ પ્રથમ સ્થાન તથા ધોરણ-૮ના વિદ્યાર્થી હિરેન પી ભરવાડ, મિહિર પી ભાવસાર, ચેતનસિંહ ડી સોઢા અને રાજન આર પટેલે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સમગ્ર શાળા પરિવાર વતી આ સફળ ટીમને આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સર્વ વિદ્યાલય પરિસરના વિદ્યાર્થીઓ માટે

ટપાલ વિભાગ દ્વારા ચિત્રસ્પર્ધા

સર્વ વિદ્યાલય પરિસર, ગાંધીનગરમાં ૨૫૦ બાળકોની ચિત્ર સ્પર્ધા પોસ્ટ ઓફિસ હેડ ઓફિસ દ્વારા યોજવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં ૨૦૧૯ની શરૂઆતથી ફિલાટેલિક બ્યુરો પણ કાર્યરત થઈ છે. આ અંગેનો વર્કશૉપ પણ વિદ્યાર્થીઓ માટે પોસ્ટ વિભાગ દ્વારા યોજવામાં આવ્યો હતો. બાળકોએ સુંદર ચિત્રોનું નિર્માણ કર્યું હતું. પસંદ કરેલાં ચિત્રોને બાળદિન નિમિત્તે બહાર પડનારી ટપાલ ટિકીટ માટે મોકલવામાં આવશે અને વિજેતાઓને ઈનામો પણ એનાયત કરવામાં આવશે.

પોસ્ટ વિભાગના આસી. સુપ્રિટેન્ડન્ટ શ્રી પ્રજાપતિ ઉપરાંત જાણીતા ફિલાટેલિસ્ટ, ફોટોગ્રાફર કાંતિલાલ શર્મા, મહેન્દ્રભાઈ પંચોલીએ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ફિલાટેલી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પોતાનો બહોળો ટપાલટિકીટ સંગ્રહ દર્શાવી તેમણે વિદ્યાર્થીઓને હૉબી તરીકે ટપાલટિકીટ સંગ્રહ માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તોરડામાં સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તોરડા વિસ્તારની બે સ્કૂલ્સ કેસરપુરા અને કુશાલપુરાના તમામ વિદ્યાર્થીઓને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જેતપુરતથા ધનસોરમાં ગરમ કપડાં અને પેન્સિલની ભેટ વિદ્યાર્થીઓને ધરવામાં આવી હતી. સવારે જાભચિતરીયા તથા અણસોલમાં ૧૨૮ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા તથા ગૉળનું વિતરણ કરવામાં આવ્યું છે. રંગપુર, અણસોલ-૧ અને અણસોલ-૨માં ગાયત્રી પરિવારની સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં પાસ થનારા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં. સંસ્થા તરફથી નિખિલ ભટ્ટ, મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા. સંસ્થાને ચોખાનું સૌજન્ય ડૉ. સુરેશ શાહ તરફથી પ્રાપ્ત થયું હતું.

૧૦મીએ અમદાવાદમાં ''શબ્દજ્યોતિ કાર્યક્રમ''

ગાંધીનગર, તા. ૫

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ: ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ ને ગુરુવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે,આત્મા હોલ,આશ્રમ રોડ,અમદાવાદ ખાતે લોક-સાહિત્યકાર, વિવેચક, સંશોધક, સંપાદક જોરાવરસિંહ જાદવના ૮૦-મા જન્મદિન પ્રસંગે'શબ્દજયોતિ'શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સાહિત્યકાર જોરાવરસિંહજી જાદવ પોતાનાં જીવન-કવન વિષે વક્તવ્ય આપશે. આ પ્રસંગે સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ અને સાહિત્ય રસિકો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત' કરશે. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. સૌ સાહિત્યરસિકોને કાર્યક્રમ માણવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નારદીપુર મહિલા ગ્રામ વિદ્યાપીઠ દ્વારા દેલવાડામાં ઍન.ઍસ.ઍસ. શિબિર

સમૂહ સફાઈ કાર્યક્રમ, લોક સંપર્ક, આરોગ્ય નિદાન કેમ્પ, સુરક્ષા માર્ગદર્શન, બાળ તંદુરસ્તી હરિફાઈ, વાનગી સ્પર્ધા જેવા ઉપક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૫

મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર દ્વારા દેલવાડા ગામે આનંદવાડીમાં રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિર યોજવામાં આવી છે, જે તા. ૧૦ જાન્યુઆરી સુધી કાયમ રહેશે.

શિબિરનું ઉદ્ઘાટન પૂર્વ સરપંચ ગોવિંદભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સમારોહના પ્રમુખ પદે કિસાન મોરચાના કનુભાઈ પટેલ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીના હરીભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે જગદીશભાઈ પટેલ, લાલભાઈ પટેલ અને જશવંતકુમાર ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

શિબિર અંતર્ગત રવિવારે રાત્રે ભવાઈ તથા મંગળવારે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ગ્રામજનો માટે કરવામાં આવ્યું છે, જેમાં દેલવાડા તથા માણસા તાલુકાના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સમાપન સમારોહ તા. ૧૦મી જાન્યુઆરીના રોજ સવારે યોજવામાં આવશે, જેમાં અતિથિ તરીકે ગાંધીનગર એનએસએસ યુનિટના પૂર્વ સભ્ય અને સલાહકાર રામભાઈ સિંધવ ઉપસ્થિત રહેશે.

શિબિર અંતર્ગત સમૂહ સફાઈ કાર્યક્રમ, લોક સંપર્ક, આરોગ્ય નિદાન કેમ્પ, સુરક્ષા માર્ગદર્શન, ઊર્જા બચત, સ્વચ્છતા સંદેશ વિશે ભવાઈ, બાળ તંદુરસ્તી હરિફાઈ, વાનગી સ્પર્ધા જેવા ઉપક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

શિબિરનું આયોજન ગ્રામ સેવા મંદિરના નિયામક જયગોપાલ પંડિત, રીટાબેન દવે, ડૉ. જશુમતીબેન પરમાર, ડૉ. ગિરવતસિંહ જાડેજા, અનિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું છે.

જીવનબાગનાં મહેકતાં બાળપુષ્પોની સંગતમાંથી સુગંધસભર 'થોડાંક ગુલાબ'નો ગુલદસ્તો

સત્યઘટનાઓ પર આધારિત
શિક્ષક અને વિદ્યાર્થીઓની સંવેદનકથાઓ

થોડાંક ગુલાબ

કિરીટ ગોસ્વામી

પુસ્તક પરિચય
નટવર હેડાઉ

એક આદર્શ શિક્ષક વિદ્યાર્થી સાથે ભાવનાત્મક અને સંવેદનાત્મક રીતે જોડાય ત્યારે કેવાં પરિમાણો સર્જાઈ શકે તેનો ઉત્તમ દાખલો આપણી સમક્ષ મળે તો કોને ન ગમે ? આજના યુગમાં વિરલ કરી શકાય તેવી ઘટનાઓ પણ બને છે. તેના એક નમૂનારૂપ શિક્ષક અને વિદ્યાર્થીઓની સાચુકલી સંવેદનકથાઓ ખરેખર ઉદ્યાનમાં મહેકતાં ગુલાબની મધમીઠી ખુશ્બુથી તરબતર કરી દેતી હોય તેવી ઘટનાઓને સંવાદ અને સુમેળથી સર્જાતાં 'માળીકર્મ' દ્વારા સંસ્કાર સિંચન સાથે સકારાત્મક ભાવથી આલેખાયેલ ટૂંકી વાર્તાઓનો શબ્દથાળ જેમાં લેખક 'થોડાંક ગુલાબ' લઈને આપણી સમક્ષ આવ્યા છે, તેની વાત કરવી છે.

'થોડાંક ગુલાબ' ટૂંકી વાર્તા રૂપે આલેખાયેલી ૨૫ જેટલી સંવેદન કથાઓના લેખક કિરીટ ગોસ્વામી, જામનગરની શ્રી મ્યુનિસિપલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં ભાષાશિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેથી પ્રકૃતિથી વિદ્યાર્થી વચ્ચે અમાપ પ્રેમસૃષ્ટિ છે. જ્યાં અને જ્યારે આ જીવ નજર કરે ત્યાંથી તાજા સંવેદનાસભર સ્વભાવ કેંક અલગ જ કલમ કર્મ શોધી લે છે. 'થોડાંક ગુલાબ'નો આ ગુલદસ્તો આપણા હાથમાં મૂકતાં લેખક પોતાની કેફિયતમાં જણાવે છે કે 'પોતાની રીતે દરેક બાળક વિશિષ્ટ અને ખાસ હોય છે. આપણી ાજની શિક્ષણપ્રથા વિદ્યાર્થીમાં રહેલી એ ખાસિયતોને બહાર લાવવામાં સર્દતર નિષ્ફળ રહેલીછે.' તે વાતનો શિક્ષક તરીકે તેમને અફસોસ છે. તેથી દિવસ-રાત આજના જડ અને માળખાગત વાતાવરણ સંદર્ભે વિદ્યાર્થીઓનાં ડૂસકાં અને નિઃશ્વાસ તેમણે સાંભળ્યાં છે. અને તેને સંવેદનકથા રૂપે આલેખવાનો પ્રયાસ કર્યો છે. જેમાં તેઓ મહદંશે સફળ પણ રહ્યા છે. કેમકે તેમની આ પ્રકારની સંવેદનકથાઓ, ગુજરાતનાં બધાં જ શૈક્ષણિક સામયિકોમાં પ્રગટ થતી રહી છે. તેમજ સંદેશની બુધવારીય પૂર્તિમાં 'કિસ્સા કિસ્સા જિંદગી' કૉલમ રૂપે વાચકોમાં લોકપ્રિય થઈ છે. જેમાંથી ૩૦ જેટલી ચૂંટેલી સંવેદન કથાઓનું પુસ્તક 'ફૂલ ગુલાબી કિસ્સા' રાજકોટના ભરાડ ફાઉન્ડેશનની 'જ્ઞાનતુલા અભિયાન' અંતર્ગત પુસ્તકરૂપે પ્રગટ થયેલું છે. એ પછી લખાયેલી સંવેદનકથાઓ 'થોડાંક ગુલાબ' રૂપે ગ્રંથસ્થ કરી લેખકે આપણી સમક્ષ મૂકી છે.

'થોડાંક ગુલાબ' તરીકે મૂકવામાં આવેલી આ કથાનાં શિર્ષક જેમાં તેમાં રજૂ થયેલ વાતનો આપણને અણસાર આવે છે. જેમ કે 'કેવલની ફરિયાદ, રાજદીપને ગુસ્સો કેમ આવ્યો ?, તું જ તારો સાથી બન, સર હવે તમે મને લાડ કરશો ? દિલનો અવાજ સાચો, રાહુલ માગે છે પ્રેમ, પરાગને કોણ બદલી શકે ?, ભાવિકનાં આંસુ, રવિન્દ્રનું સપનું, નિયમ તોડવા કે દિલ ? સર હું નિર્દોષ છું, મિતેને માગ્યું પેપર, રવિ આ તો જિંદગી છે, મોહિત ક્યાંથી બદલાયો ? મેહુલ ગયો વિદેશ, જાત મહેનત ઝિંદાબાદ, જયદીપની મુંઝવણ, ભણતર ત્રીજી આંખ, હિંમત થયો નાહિંમત.'

અહીં વાચકને પ્રશ્ન થયા વિના રહે નહીં કે આમાં કોણ સાંભળે વિદ્યાર્થીઓનાં દિલનો અવાજ ? કોણ તપાસે એમનામાં રહેલી ખાસિયતોને ? તાજાં ગુલાબ જેવાં આ વિદ્યાર્થીઓની સંવેદનાઓની આગવી સુગંધ કોના શ્વાસને સ્પર્શે ? તેનો જાબ છે લેખક દ્વારા આલેખાયેલી આ સંવેદનકથાઓ. 'થોડાંક ગુલાબ'ના લેખક કિરીટ ગોસ્વામી બુનિયાદી વાતોમાં માનનારા સર્જક છે. તેમના વિચારોમાં તાજગી અને નવિનતા પ્રાપ્ત થાય છે. તેમનું ગદ્ય માણવા જેવું છે અને પદ્ય પર પણ તેમનું સરસ પ્રભુત્વ છે. તેમણે નવ જેટલાં બાળસાહિત્યનાં પુસ્તકો આપ્યાં છે. છ ગઝલસંગ્રહો અને પાંચ નવલકથાઓ આપનાર યુવા સર્જક પ્રતિભા ધરાવતા મૌલિક અને અપાર વિષય વૈવિધ્ય ધરાવતાં તેમનાં પ્રકાશનોને ખૂબ લોકચાહના અને શિક્ષણ તેમજ સાહિત્ય ક્ષેત્રે પુરસ્કારો પણ પ્રાપ્ત થયાં છે. સતત પ્રયોગો કરીને 'ચોક એન્ડ ટોક'થી કંઈક વિશિષ્ટ કરવાનો તેઓ સદા આગ્રહ સેવે છે. બાળકો તેમના જીવનનો અભિન્ન હિસ્સો છે. શાળાના વાતાવરણ કરતાં પ્રકૃતિના પર્યાવરણ દ્વારા તેઓ જીવન અને જગતને સમજવાનો પ્રયાસ કરતા રહે છે. જેના પરિપાકરૂપે આપણને જીવન બાગનાં મહેકતાં બાળપુષ્પો સાથેની સંગતમાંથી પ્રાપ્ત સુગંધસભર 'થોડાંક ગુલાબ'નો ગુલદસ્તો પ્રાપ્ત થયો છે. તેની સુગંધને માણીએ અને લેખકને તેના માળીકર્મ બદલ બિરદાવીએ.

થોડાંક ગુલાબ (સત્યઘટનાઓ પર આધારિત સંવેદનકથાઓ)
લેખક - કિરીટ ગોસ્વામી
પ્રકાશક - પ્રવાણ પ્રકાશન પ્રા.લિ., રાજકોટ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮, કિંમત - રૂા. ૭૫/-

વ્રતોએ મારી જિંદગી લંબાવી

મારે દાક્તર પ્રાણજીવન મહેતાને મળવા રંગૂન જવાનું હતું. ત્યાં જતાં કલકત્તામાં શ્રી ભૂપેન્દ્રનાથ બસુના આમંત્રણથી હું તેમને ત્યાં ઊતર્યો હતો. અહીં બંગાળી વિવેકની પરિસીમા આવી હતી. આ વેળા હું ફળાહાર જ કરતો. મારી સાથે મારો દીકરો રામદાસ હતો. જેટલો સૂકો ને લીલો મેવો કલકત્તામાં મળે તેટલો એકઠો કરવામાં આવ્યો હતો. સ્ત્રીઓએ રાતરાત જાગીને પિસ્તાં આદિને પલાળી તેની છાલ ઉતારી હતી. લીલા મેવાને પણ જેટલી સુઘડતાથી તૈયાર કરી શકાય તેટલી સુઘડતાથી તૈયાર કરવામાં આવ્યો હતો. મારા સાથીઓને સારુ અનેક પ્રકારનાં પકવાનો રાંધવામાં આવ્યાં હતાં. આ પ્રેમ ને વિવેક હું સમજ્યો, પણ એક બે પરોણાને સારુ આખું ઘર આખો દહાડો રોકાઈ રહે એ મને અસહ્ય લાગ્યું. મારી પાસે આ વિટંબણામાંથી ઊગરવાનો ઈલાજ નહોતો.

રંગૂન જતાં સ્ટીમરમાં હું ડેકનો ઉતારુ હતો. જો શ્રી બસુને ત્યાં પ્રેમની વિટંબણા હતી તો સ્ટીમરમાં અપ્રેમની વિટંબણા હતી. ડેકના ઉતારુની તકલીફ અતિશય અનુભવી. નાહવાની જગ્યામાં ઊભવું ન પોસાય એવી ગંદકી, પાયખાનું નરકની ખાણ, મળમૂત્રાદિ ખૂંદીને કે તેને ટપીને પાયખાને જવું! મારે સારુ આ અગવડો બહુ ભારે હતી. માલમની પાસે હું પહોંચ્યો, પણ દાદ કોણ દે? ઉતારુઓએ પોતાની ગંદકીથી ડેકને ખરાબ કરી મૂક્યું. જ્યાં બેઠા હોય ત્યાં જ થૂંકે, ત્યાં જ તમાકુની પિચકારીઓ ચલાવે, ત્યાં જ ખાવાનો કચરો નાખે. વાતોના ઘોંઘાટની સીમા ન મળે. સહુ પોતાનાથી બને તેટલી જગ્યા રોકે, કોઈ કોઈની સગવડનો વિચાર સરખોયે ન કરે. પોતે જગ્યા રોકે તેનાં કરતાં સામાન વધારે જગ્યા રોકે. આ બે દહાડા બહુ અકળામણમાં ગાળ્યા. રંગૂન પહોંચતાં મેં એજન્ટને બધી હકીકત મોકલાવી. વળતાં પણ આવ્યો તો ડેકમાં, પણ આ કાગળને પરિણામે ને દાક્તર મહેતાની તજવીજને પરિણામે પ્રમાણમાં ઠીક સગવડ ભોગવતો આવ્યો.

મારા ફળાહારની જંજાળ તો અહીં પણ પ્રમાણમાં વધારે પડતી તો હતી જ. દાક્તર મહેતાનું ઘર એટલે મારું જ સમજી શકું એવો સંબંધ હતો. તેથી મેં વાનીઓ ઉપર અંકુશ તો મેળવી લીધો હતો, પણ મેં કંઈ મર્યાદા નહોતી આંકી, તેથી ઘણી જાતનો મેવો આવતો તેની સામે હું ન થતો. વધારે જાત હોય તે આંખને અને જીભને ગમે. ખાવાનો વખત તો ગમે તે હોય. મને પોતાને વહેલું ઉકેલવું ગમે તેથી બહુ મોડું તો ન થાય, પણ રાતના આઠનવ તો સહેજે વાગે.

આ ૧૯૧૫ની સાલમાં હરદ્વારમાં કુંભમેળો હતો. તેમાં જવાની મને તીવ્ર ઈચ્છા નહોતી. પણ મારે મહાત્મા મુનશીરામજીનાં દર્શને તો જવું જ હતું. કુંભને સમયે ગોખલેની સેવકસમાજે એક મોટી ટુકડી મોકલી હતી. તેની વ્યવસ્થા શ્રી હૃદયનાથ કુંઝરુને હાથ હતી. મરહૂમ દાક્તર દેવ પણ તેમાં હતા. આમાં મદદ કરવા મારી ટુકડીને લઈ જવી એવો ઠરાવ હતો. મગનલાલ ગાંધી શાંતિનિકેતનમાં રહેલી ટુકડીને લઈને મારાથી પહેલાં હરદ્વાર પહોંચી ગયા હતા. હું રંગૂનથી વળી એમની સાથે જોડાઈ ગયો. કલકત્તેથી હરદ્વાર પહોંચતાં ખૂબ મૂંઝાવું પડેલું. ડબ્બાઓમાં કેટલીક વેળા દીવાબત્તી પણ ન મળે. શહરાનપુરથી તો માલના કે ઢોરના ડબ્બામાં જ ઉતારુઓને પૂરવામાં આવ્યા હતા. ઉઘાડા ડબ્બા ઉપર મધ્યાહનનો સૂરજ તપે ને નીચે નકરી લોખંડની ભોંય, પછી અકળામણ નું શું પૂછવું? છતાં ભાવિક હિંદુ ઘણી તરસ છતાં 'મુસલમાન પાણી' આવે તે ન જ પીએ. 'હિંદુ પાણી'નો પોકાર થાય ત્યારે જ પાણી પીએ. આ જ ભાવિક હિંદુને દવામાં દાક્તર દારૂ આપે, મુસલમાન કે ખ્રિસ્તી પાણી આપે, માંસનું સત્ત્વ આપે, તે લેવામાં ન સંકોચ આવે ને ન પૂછવાપણું હોય.

અમે શાંતિનિકેતનમાં જ જોયું હતું કે મળ સાફ કરવાનું કામ કરવું એ તો અમારો હિંદુસ્તાનમાં વિશેષ ધંધો થઈ જ પડશે. સેવકોને સારુ કોઈ ધર્મશાળામાં તંબૂ તાણવામાં આવ્યા હતા. પાયખાનાને સારુ દાક્તર દેવે ખાડા ખોદાવ્યા હતા. પણ તે ખાડાની દાક્તર દેવ તો આવે સમયે જે થોડા પગારદાર ભંગી મળી શકે તેમની જ મારફતે કરાવી શકે ના? આ ખાડાઓમાં પડતો મળ વખતોવખત ઢાંકવાનું ને તેને બીજી રીતે સાફ રાખવાનું કામ ફિનિક્સની ટુકડીએ ઉપાડી લેવાની મારી માગણીનો દાક્તર દેવે ખુશીની સાથે સ્વીકાર કર્યો. આ સેવા કરવાની માગણી કરનારો હું, પણ બોજો ઉપાડનાર મગનલાલ ગાંધી. મારો ધંધો તો ઘણે ભાગે તંબૂમાં બેસી 'દર્શન' દેવાનો અને અનેક યાત્રાળુઓ આવે તેમની સાથે ધર્મની અને એવી બીજી ચર્ચાઓ કરવાનો થઈ પડ્યો. દર્શન દેતાં હું અકળાયો. તેમાંથી એક મિનિટની ફુરસદ ન મળે. નાહવા જાઉં તોયે દર્શનાભિલાષી મને એકલો ન છોડે. ફળાહાર કરતો હોઉં ત્યારે તો એકાંત હોય જ ક્યાંથી? તંબૂમાં ક્યાંયે હું એક ક્ષણને સારુ પણ એકલો બેસી નહોતો શક્યો. દક્ષિણ આફ્રિકામાં જે કંઈ સેવા થઈ શકી હતી તેની આટલી ઊંડી અસર આખા ભરતખંડમાં થઈ હશે તે મેં હરદ્વારમાં અનુભવ્યું. હું તો ઘંટીના પડની વચ્ચે પિસાવા લાગ્યો. છતો ન હોઉં ત્યાં ત્રીજા વર્ગના મુસાફર તરીકે અગવડો ભોગવું, જ્યાં ઊતરું ત્યાં દર્શનાર્થીના પ્રેમથી અકળાઉં. બેમાંથી કઈ સ્થિતિ વધારે દયાજનક હશે એ કહેવું ઘણી વાર મારે સારુ મુશ્કેલ થઈ પડ્યું છે. દર્શનાર્થીના પ્રેમના પ્રદર્શનથી મને ઘણી વેળા ક્રોધ આવ્યો છે ને મનમાં તો તેથીયે વધારે વેળા બળ્યો છું, એટલું જાણું છું. ત્રીજા વર્ગની હાડમારીથી મને અગવડ પડી છે, પણ ક્રોધ ભાગ્યે જ છૂટ્યો છે, અને એથી મારી તો ઉન્નતિ જ થઈ છે.

આ સમયે મારામાં હરવાફરવાની શક્તિ ઠીક હતી, તેથી હું ઠીક ઠીક ભટકી શક્યો હતો. તે વખતે એટલો પ્રસિદ્ધ નહોતો થયો કે રસ્તાઓમાં ફરવાનું ભાગ્યે જ બની શકે. ભ્રમણમાં મેં લોકોની ધર્મભાવના કરતાં તેમનું બેબાકળાપણું, તેમની ચંચળતા, પાખંડ, અવ્યવસ્થા બહુ જોયાં. સાધુઓનો રાફડો ફાટ્યો હતો. તે કેવળ માલપૂડા ને ખીર જમવાને જ જન્મ્યા હોય એવા જણાયા. અહીં મેં પાંચ પગાળી ગાય જોઈ. હું તો આશ્ચર્ય પામ્યો. પણ અનુભવી માણસોએ મારું અજ્ઞાન તરત દૂર કર્યું. પાંચ પગાળી ગાય તો દુષ્ટ લોભી લોકોનું બલિદાન હતું. આ ગાયની કાંધમાં વાછરડાના જીવતા પગ કાપીને, કાંધને છેદી તેમાં તે ચોંટાડી દેવામાં આવતા હતા, ને આ બેવડી ઘાતકી ક્રિયાનું પરિણામ અજ્ઞાની લોકોને ધૂતવાને સારુ વાપરવામાં આવતું હતું. પાંચ પગાળી ગાયનાં દર્શન કરવા ક્યો હિંદુ ન લલચાય? તે દર્શનને સારુ તે જેટલું દાન દે તે થોડું.

કુંભનો દિવસ આવ્યો. મારે સારુ એ ધન્ય ઘડી હતી. હું યાત્રાની ભાવનાથી નહોતો ગયો. મને તીર્થક્ષેત્રમાં પવિત્રતાની શોધે જવાનો મોહ કદી નથી રહ્યો. પણ સત્તર લાખ માણસો પાખંડી હોય નહીં. મેળામાં સત્તર લાખ માણસો આવ્યાં હશે એમ કહેવાયું હતું. આમાં અસંખ્ય માણસો પુણ્ય કમાવાને સારુ, શુદ્ધિ મેળવવાને સારુ આવેલાં એને વિષે મને શંકા નહોતી. આવા પ્રકારની શ્રદ્ધા કેટલે સુધી આત્માને ચડાવતી હશે એ કહેવું અશક્ય નહીં તો મુશ્કેલ તો છે જ.

પથારીમાં પડ્યો પડ્યો હું વિચારસાગરમાં ડૂબ્યો. ચોમેર ફેલાયેલા પાખંડમાં મજકૂર પવિત્ર આત્માઓ પણ છે. તેઓ ઈશ્વરના દરબારમાં સજાપાત્ર નહીં ગણાય. જો હરિદ્વારમાં આવે સમયે આવવું જ પાપ હોય તો મારે જાહેર રીતે વિરોધ કરી કુંભને દિવસે તો હરદ્વારનો ત્યાગ જ કરવો જોઈએ. જો આવવામાં ને કુંભને દહાડે રહેવામાં પાપ ન હોય તો મારે કંઈક ને કંઈક કડક વ્રત લઈને ચાલતા પાપનું પ્રાયશ્ચિત કરવું જોઈએ, આત્મશુદ્ધિ કરવી જોઈએ. મારું જીવન વ્રતો ઉપર રચાયેલું છે, તેથી કંઈક કઠિન વ્રત લેવાનો નિશ્ચય કર્યો. કલકત્તા અને રંગૂનમાં મારે નિમિત્તે યજમાનોને થયેલા અનાવશ્યક પરિશ્રમનું મને સ્મરણ થયું, તેથી મેં ખોરાકની વસ્તુઓની મર્યાદા બાંધવાનો ને અંધારા પહેલાં જમી લેવાનું વ્રત લેવાનો નિશ્ચય કર્યો. મેં જોયું કે, જો હું મર્યાદા નહીં જાળવું તો યજમાનોને ભારે અગવડરૂપ થઈશ ને સેવા કરવાને બદલે દરેક જગ્યાએ મારી સેવામાં જ લોકોને રોકતો થઈ જઈશ. તેથી ચોવીસ કલાકમાં પાંચ વસ્તુઓ ઉપરાંત કંઈ ખાવાનું ન લેવાનું ને રાત્રિભોજનત્યાગનું વ્રત લીધું જ. બંનેની કઠિનાઈનો પૂરો વિચાર કરી લીધો. આ વ્રતોમાં એક પણ બારી ન રાખવાનો નિશ્ચય કર્યો. માંદગીમાં દવારૂપે ઘણી વસ્તુઓ લેવી કે ન લેવી, દવાને વસ્તુમાં ગણવી કે ન ગણવી, આ બધી વાતો વિચારી લીધી, ને નિશ્ચય કર્યો કે ખાવાના કોઈ પણ પદાર્થો પાંચ ઉપરાંત ન લેવા. આ બે વ્રતોને તેર વર્ષ થયાં. તેમણે મારી પરીક્ષા ઠીક કરી છે. પણ જેમ પરીક્ષા કરી છે તેમ તે મારે સારુ ઢાલરૂપ પણ ઠીક બન્યાં છે. આ વ્રતોએ મારી જિંદગી લંબાવી છે એવો મારો અભિપ્રાય છે. તેથી હું ઘણીયે વેળા માંદગીઓમાંથી બચી ગયો છું એમ માનું છું.

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર